# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 23-04-2026** **Midday : 2.30 to 2.35 pm**

**Day : THURSDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **બકુલા પરમાર** વાંચે છે.

---

(સમાચારને અંતે)

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

--------------------------------------------------------------------

આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ સાંજે સાત વાગીને દસ મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.)

(CLOSING MUSIC)

# UMRETH POLL

ઉમરેઠ વિધાનસભા બેઠકની પેટા ચૂંટણીનું મતદાન આજે સવારે 7 વાગ્યાથી શાંતિપૂર્ણ માહોલમાં શરૂ થયું છે. વિધાનસભા મત વિસ્તારના 46 ગામોના 306 મતદાનમથકો ખાતે આ મતદાન પ્રક્રિયા ચાલી રહી છે બપોરે 1 વાગ્યા સુધી 37.23 ટકા મતદાન થયું છે. મતદારો મતદાન કરવા માટે વહેલી સવારથી જ મતદાન મથક ખાતે ઉમટી પડ્યા છે. જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટર પ્રવીણ ચૌધરીએ વધુમાં વધુ મતદાન માટે અપીલ કરી છે.

**(BYTE: PRAVEEN CHAUDHARY, DISTRICT ELECTION OFFICER)**

# ELECTION CAMPAIGN

રાજ્યમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીનો પ્રચાર પૂરજોશમાં ચાલી રહ્યો છે. ભાજપના વરિષ્ઠ નેતા અને નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી આજે રાજકોટમાં રોડ શો યોજશે. જ્યારે ભાજપના પ્રદેશ અધ્યક્ષ જગદીશ વિશ્વકર્મા આજે બનાસકાંઠા જિલ્લાની ધાનેરા વિધાનસભાના થાવર ગામે 'વિકાસ સંકલ્પ સભા'ને સંબોધી. બીજી તરફ કોંગ્રેસ આજે અમદાવાદ ખાતે સ્થાનિક સ્વરાજની ચૂંટણીના અનુસંધાને ગ્રામીણ ગુજરાત માટે કોંગ્રેસનું વિઝન ડોક્યુમેન્ટ રજૂ કરશે.છોટા ઉદેપુર જિલ્લાની બોડેલી નગરપાલિકાની ચૂંટણીના પ્રચારમાં રાજકીય પક્ષો અને અપક્ષ ઉમેદવારો એડી ચોટીનું જોર લગાવી મતદારોને રીઝવવાનો પ્રયાસ કરી રહ્યાં છે.  આ ચુંટણીમાં ૬૩ જેટલા ઉમેદવારો પોતાનું ભાવી અજમાવી રહ્યા છે. નવસારીમાં પણ સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીનો માહોલ ગરમાયો છે સાંભળીએ અમારા પ્રતિનિધિનો અહેવાલ..

(VOICE CAST : ASHOK PATEL)

# ELECTION POLICE

મહેસાણા જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી અંતર્ગત શાંતિપૂર્ણ માહોલમાં મતદાન યોજાય તે માટે પોલીસનો ચુસ્ત બંદોબસ્ત ગોઠવાશે. જેમાં 4 DySP, 27 PI સહિત 3 હજાર 758 પોલીસ જવાનો ફરજ બજાવશે. ચૂંટણીને લઈ પોલીસ દ્વારા ક હજાર 130 હથિયાર જમા લેવાયા છે. જ્યારે 2 હજાર 780 લોકો સામે અટકાયતી પગલાં લેવાયા છે. સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી અંતર્ગત અરવલ્લી જિલ્લાના શામળાજી ખાતે ગુજરાત પોલીસ અને રાજસ્થાન પોલીસ વચ્ચે બેઠક યોજાઈ. જિલ્લા પોલીસ વડા મનોહરસિંહ જાડેજા તથા ડુંગરપુર પોલીસ વડા મનીષ કુમારની ઉપસ્થિતિમાં આ બેઠકનું આયોજન કરાયું. રાજ્યમાં માદક પદાર્થો ન પ્રવેશે તે માટે રાજસ્થાનથી આવતા તમામ માર્ગો પર પોલીસ પોઈન્ટ ઊભા કરાયા છે.

# BHARUCH AAG

ભરૂચ જિલ્લાની ઝઘડિયા GIDCની એક કંપનીમાં આગની ઘાટના સામે આવી છે. આગમાં ત્રણ થી વધુ કર્મચારીઓ દાઝ્યા હોવાનું અનુમાન છે. તેઓને અંકલેશ્વર હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા છે. ફાયર ફાઇટર દ્વારા આગ પર કાબુ મેળવવાના પ્રયાસો હાથ ધરાયા છે. વહીવટી તંત્ર પણ ઘટનાસ્થળે પહોંચ્યું છે. ઘટનાને પગલે વિસ્તારમાં અફરાતફરીનો માહોલ સર્જાયો છે.

# WEATHER

રાજ્યમાં આગામી 24 કલાક દરમિયાન તાપમાનમાં કોઈ મોટો ફેરફાર થશે નહીં. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર ત્રણ દિવસ દરમિયાન તાપમાનમાં 2 થી 3 ડિગ્રી સેલ્સિયસનો વધારો થઈ શકે છે. એટલે ગરમીમાં વધારો થવાની શક્યતા છે. બે દિવસ દરમિયાન દરિયાકાંઠાના વિસ્તારોમાં ગરમ અને ભેજવાળી હવા રહેવાની પણ સંભાવના છે.

# KUTCH ARMY

ઓપરેશન સિંદૂરની પહેલી વર્ષગાંઠ પહેલા કચ્છમાં ભારતીય સેનાએ પોતાની શક્તિ, તૈયારીઓ અને આધુનિક યુદ્ધક્ષમતાનું પ્રભાવશાળી પ્રદર્શન કર્યું હતું એર ડિફેન્સ રેજિમેન્ટ દ્વારા L70 એર ડિફેન્સ ગન અને ડ્રોન ટેકનોલોજીના પ્રદર્શન સાથે દુશ્મનના સંભવિત હુમલાઓને નિષ્ફળ બનાવવાની ક્ષમતા પણ રજૂ કરાઈ હતી. ડ્રોન ટેકનોલોજીના વધતા પ્રભાવ વચ્ચે સેનાએ દેખરેખ, લક્ષ્ય ઓળખ અને જેતે સમયની ગુપ્ત માહિતી એકત્રિત કરવાની ક્ષમતાને વધુ મજબૂત બનાવી હતી. સાથે જ એર ડિફેન્સ સિસ્ટમ્સના ઝડપી પ્રતિસાદ આપવાની ક્ષમતા પણ સામે આવી હતી.

# PM MANN KI BAAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આ મહિનાની 26-મી તારીખે આકાશવાણી પરથી પ્રસારિત થનારા "મન કી બાત" કાર્યક્રમમાં દેશ-વિદેશના લોકો સમક્ષ પોતાના વિચાર રજૂ કરશે. માસિક રેડિયો કાર્યક્રમની આ 133-મી કડી હશે.

આ કાર્યક્રમ માટે લોકો પોતાના વિચાર અને મંતવ્ય ટૉલ-ફ્રી નંબર 1800-11-7800 પર તેમજ નરેન્દ્ર મોદી ઍપ અથવા માય GOV ઑપન ફૉરમના માધ્યમથી પણ ઑનલાઈન મોકલી શકે છે. શ્રોતાઓ 1922 પર મિસ્ડ કૉલ કરીને સીધા જ પ્રધાનમંત્રીને પોતાના મંતવ્ય મોકલી શકે છે. મંતવ્ય મોકલવાની છેલ્લી તારીખ 24 ઍપ્રિલ રહેશે.